# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-12-2024 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-બજેટ પુર્વે ચર્ચા :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, ભારતને 2047 સુધીમાં વિક્સિત બનાવવા માટે માનસ પરિવર્તન કરવાથી વિક્સિત ભારતનું લક્ષ્ય હાંસલ કરી શકાશે. નવી દિલ્હીમાં નિતી આયોગમાં પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓ અને વિચારકો સાથે  નાણાકીય વર્ષ 2025-26 માટે બજેટ પૂર્વેની ચર્ચામાં પ્રધાનમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

બેઠકમાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ, નિતી આયોગના સીઇઓ બીવીઆર સુબ્રમણ્યમ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાણાકીય વર્ષ 2025-26 માટે બજેટ પૂર્વેની ચર્ચાઓ 6 ડિસેમ્બરથી શરૂ થઇ છે. સુશ્રી સીતારમણ અગાઉ વિવિધ રાજ્યોના નાણા મંત્રીઓ, ખેડૂત સંગઠનો, અર્થશાસ્ત્રીઓ અને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો-MSME સાથે ચર્ચા કરી ચૂક્યા છે.નાણા મંત્રી 1 ફેબ્રુઆરીનાં રોજ લોકસભામાં અંદાજપત્ર રજૂ કરે તેવી સંભાવના છે.

---------------------------------------------------------------------------------

## શાળા-એફિડીવીટ ઓનલાઈન:

રાજ્યની અંદાજે 11 હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓ દ્વારા કરાતી એફિડેવિટની પ્રક્રિયા ઑનલાઈન કરાશે. તેમજ ફી નિયમન સમિતિઓ વચ્ચે કામગીરીનું સંકલન કરી અને કામગીરી વધુ ઝડપી બને તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા SOP એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા પણ તૈયાર કરાશે.

ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં રાજ્યની તમામ ફી નિયમન સમિતિઓના અધ્યક્ષ અને સભ્યો સાથે યોજાયેલી બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી હતી. પ્રક્રિયા ઑનલાઈન થવાથી ફી નિયમન સમિતિઓમાં કામગીરી પૅપરલૅસ, પારદર્શક અને ઝડપી બનશે.

-----------------------------------------------------------------------------------------

## કચ્છી સાહિત્ય ઉત્સવ-સ્મૃતિવન:

કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ભુજના સ્મૃતિવન ખાતે આજથી બે દિવસીય કચ્છ સાહિત્ય ઉત્સવ યોજાશે. કચ્છી ભાષા અને તેમાં રચાયેલું સાહિત્ય નવી પેઢી સુધી પહોંચે તેવા આશયથી યોજાનાર આ કાર્યક્રમમાં 55 જેટલા કચ્છી સાહિત્યકારો, કલાકારો ભાગ લેશે. યુવાનો, વડિલો, બાળકો અને મહિલાઓ એમ તમામ વર્ગના કચ્છી માડુઓને ધ્યાનમાં રાખી કુલ 14 સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે પ્રથમ દિવસે કચ્છી ભાષાના સાહિત્યકારોને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકથી નવાજવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## સુશાસન દિવસની ઉજવણી:

આજે 25મી ડિસેમ્બરે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલબિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિતે દેશભરમાં સુશાસન દિવસ ઉજવાશે.  સુશાસન દિવસ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા આ સમગ્ર સપ્તાહ દરમિયાન સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવશે. તે અંતર્ગત આજે સાંજે ૪ વાગ્યે ભુજ અદાણી ઓડિટોરિયલ જી.કે જનરલ હોસ્પિટલ ખાતે સુસાશન દિવસની ઉજવણી કરવામાં આવશે.

-----------------------------------------------------------------------------------------

## આઈ.સી.સી-મેચ- સમય પત્રક

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ **ICC**એ ગઈકાલે આઇસીસી મેન્સ ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટેનું સમયપત્રક જાહેર કર્યું હતું. આવતા વર્ષે 19 ફેબ્રુઆરીથી 9 માર્ચ સુધી સ્પર્ધા રમાશે. વર્તમાન ચેમ્પિયન પાકિસ્તાન વર્ષ 1996 પછી પ્રથમ વાર વૈશ્વિક ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે. તટસ્થ સ્થળ તરીકે યુએઇમાં પણ કેટલીક મેચો રમાશે.

ગ્રૂપ એમાં ભારત ઉપરાંત બાંગલાદેશ**,** ન્યૂઝીલેન્ડ અને પાકિસ્તાન છે**,** જ્યારે ગ્રૂપ બીમાં અફઘાનિસ્તાન**,** ઓસ્ટ્રેલિયા**,** ઇંગલેન્ડ અને દક્ષિણ આફ્રિકા છે. 19 ફેબ્રુઆરીએ કરાચીમાં પ્રથમ મેચમાં પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચે થશે. સલામતીનાં કારણોસર ભારતની ટીમ પાકિસ્તાન નહીં જાય અને તમામ મેચો દુબઇમાં રમશે.

---

## નાતાલ પર્વની ઉજવણી:

આજે ખ્રિસ્તી ભાઈ બહેનો નાતાલનું પર્વ ઉજવી રહ્યા છે. કચ્છમાં વિવિધ સ્થળે ખ્રિસ્તી દેવળોમાં વિશેષ પ્રાર્થના કરવામાં આવશે  વિવિધ સ્થળે નાતાલ વૃક્ષનું પૂજન કરવામાં આવશે. નાતાલ એ ભગવાન ઇસુ ખ્રિસ્તનો જન્મ દિન હોઈ પર્વ ઉમંગ ભેર ઉજવાય છે. દેવળોને સુશોભિત રીતે શણગારવા માં આવ્યા છે.

---

## ઠંડી-માવઠાની આગાહી:

હવમાન વિભાગની આગાહીમાં જણાવ્યા અનુસાર રાજસ્થાન પર સર્જાયેલ સરક્યુલેશનની અસર હેઠળ કચ્છમાં  આવતીકાલથી વાતાવરમમાં ઠંડીનું જોર યથાવત રહેશે. તેમજ આગામી દિવસોમાં કમોસમી વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. દરમ્યાન જિલ્લામાં ઠંડીનું જોર યથાવત રહ્યુ છે. ગઈકાલે નલિયાનું લઘુત્તમ તાપમાન 7.5 ડિગ્રી નોંધાયુ છે.

---